# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**DATE: 10/09/2026 EVENING: 7.50 TO 8.00**
**DAY: THURSDAY NATIONAL NEWS**

## આકાશવાણી સમાચાર જયેશ પટેલ વાંચે છે.

****************************************************

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ જણાવ્યું, ભારત સલામત, સુરક્ષિત, શાંતિપૂર્ણ અને ટકાઉ અવકાશ ક્ષેત્રને સમર્થન આપે છે.
2) કેન્દ્રીય મંત્રી ડૉ. જિતેન્દ્ર સિંહે ભારતને બે લાખ 30 હજારથી વધુ સ્ટાર્ટઅપ્સ સાથે વિશ્વનું ત્રીજું સૌથી મોટું સ્ટાર્ટઅપ માળખું ગણાવ્યું.
3) મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારે ભારતની ચૂંટણી વ્યવસ્થાને વિશ્વની સૌથી મોટી લોકશાહીનું ઉત્તમ ઉદાહરણ ગણાવી.
4) આગામી ત્રણથી ચાર દિવસ સુધી પૂર્વોત્તરમાં ભારે વરસાદની આગાહી.
5) ચીનના કિંગદાઓ શહેરમાં જહાજમાં આગ લાગતા 20 લોકોનાં મોત.
6) મહિલા ક્રિકેટ એશિયા કપની સેમિફાઇનલમાં આજે ભારત અને બાંગ્લાદેશ વચ્ચે મુકાબલો.

************************************************************************************

(આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ આવતીકાલે સવારે 7 વાગીને 10 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો)

# FUR. REV. PM-SPACE SUMMIT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ જણાવ્યું કે ભારત સલામત, સુરક્ષિત, શાંતિપૂર્ણ અને ટકાઉ અવકાશ ક્ષેત્રને સમર્થન આપે છે. તેમણે કહ્યું, અવકાશ ગતિવિધિ આંતરરાષ્ટ્રીય કાયદા, સંવાદ અને બહુપક્ષીય સહયોગ પર આધારિત હોવી જોઈએ. આજે પેરિસમાં આંતરરાષ્ટ્રીય અવકાશ સંમેલનમાં વર્ચ્યુઅલી સંબોધન કરતાં તેમણે જણાવ્યું, વૈજ્ઞાનિક આંકડાઓનો ઉપયોગ પારદર્શક અને પ્રામાણિકતા સાથે સામાન્ય હિત માટે હોવો જોઈએ.

પ્રધાનમંત્રીએ કહ્યું કે, ભારતનો અભિગમ વસુધૈવ કુટુમ્બકમમાં મૂળ ધરાવે છે. તેમણે કહ્યું કે, ભારતની અવકાશ યાત્રા આ ફિલસૂફીને પ્રતિબિંબિત કરે છે. દેશની અવકાશ યાત્રાના નોંધપાત્ર વિકાસ પર પ્રકાશ પાડતા, શ્રી મોદીએ કહ્યું કે ચંદ્રયાન-3 એ ભારતને ચંદ્રના દક્ષિણ ધ્રુવની નજીક ઉતરાણ કરનાર પ્રથમ દેશ બનાવ્યો અને આદિત્ય-L1 સૂર્યના રહસ્યો ખોલી રહ્યું છે. તેમણે કહ્યું કે, ગયા વર્ષે એક ભારતીયે આંતરરાષ્ટ્રીય અવકાશ મથકની મુલાકાત લીધી હતી. તેમણે કહ્યું કે, ભારત 2035 સુધીમાં એક ભારતીય અવકાશ મથક સ્થાપિત કરવાનું અને 2040 સુધીમાં એક ભારતીયને ચંદ્ર પર મોકલવાનું લક્ષ્ય રાખે છે.

# REV JITENDRA SINGH-ESTIC

વિજ્ઞાન અને ટેકનોલોજી મંત્રી ડૉ. જિતેન્દ્ર સિંહે જણાવ્યું કે ભારત બે લાખ 30 હજારથી વધુ સ્ટાર્ટઅપ્સ સાથે વિશ્વનું ત્રીજું સૌથી મોટું સ્ટાર્ટઅપ માળખું છે. મંત્રીએ આજે નવી દિલ્હીમાં ઇમર્જિંગ સાયન્સ, ટેકનોલોજી અને ઇનોવેશન કોન્ક્લેવ- ESTIC 2026ના પૂર્વાવલોકન કાર્યક્રમનો શુભારંભ કર્યો. તેમણે કહ્યું કે પચાસ ટકાથી વધુ સ્ટાર્ટઅપ્સ હવે મહાનગરોમાંથી નહીં પણ નાના શહેરોમાંથી આવી રહ્યા છે જે દેશભરમાં ઉદ્યોગસાહસિકતા અને નવીનતાની વધતી જતી પહોંચને પ્રતિબિંબિત કરે છે.

મંત્રીએ જણાવ્યું હતું કે સરકારે વિજ્ઞાન, ટેકનોલોજી અને નવીનતામાં વૃદ્ધિને વેગ આપવા માટે સમગ્ર સરકાર અને સમગ્ર સમાજનો અભિગમ અપનાવ્યો છે.

# CEO GYANESH KUMAR AMD VISIT

ભારતના મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારે કહ્યું, ભારતની ચૂંટણી વ્યવસ્થા વિશ્વની સૌથી મોટી લોકશાહીનું ઉત્તમ ઉદાહરણ છે. ગુજરાતના અમદાવાદમાં આજે અમદાવાદ મેનેજમેન્ટ એસોસિએશન – AMA ખાતે "વિશ્વના સૌથી મોટા લોકશાહી ભારતમાં ચૂંટણીઓના આયોજન" વિષય પર પ્રબુદ્ધ નાગરિકો સાથે વિશેષ સંવાદ દરમિયાન તેમણે આ વાત કહી. શ્રી કુમારે ભારતીય ચૂંટણી પ્રણાલીની મજબૂતી અને પારદર્શકતા પર ભાર આપ્યો. તેમણે કહ્યું, ભારતની ચૂંટણી વ્યવસ્થાને વિશ્વની સૌથી મોટી લોકશાહીને સફળતાપૂર્વક ધબકતી રાખતી વિશાળ અને પારદર્શક વ્યવસ્થા ગણાવી. દેશમાં બંધારણ, ચૂંટણી કાયદા અને ભારતના ચૂંટણી પંચની સૂચનાઓના કડક પાલન સાથે ચૂંટણી પ્રક્રિયા હાથ ધરાય છે.

**(BYTE: GYANESH KUMAR, CHIEF ELECTION COMMISSIONER OF INDIA)**

*(अभी अहमदाबाद मैनेजमेंट एसोसिएशन के मेंबर्स के साथ संवाद हुआ और हम लोगों ने चुनाव आयोग की जो प्रक्रिया होती है, वह कितनी बड़ी होती है और कितनी पारदर्शी होती है, इसके ऊपर सारे सदस्यों के साथ संवाद किया। गुजरात के सभी मतदाताओं की जानकारी के लिए भारत में मतदाता सूची हर बूथ बी.एल.ओ. बनाते हैं, जो कि साधारणतया स्टेट गवर्नमेंट के एम्प्लॉयज होते हैं और वह इलेक्शन कमीशन के पास डेपुटेशन पर हैं। लेकिन, उस हर सूची का क Concurrent ऑदित नेशनल और स्टेट पॉलिटिकल पार्टीज के बूथ लेवल एजेंट्स करते हैं।)*

આજથી બે દિવસ અમદાવાદના પ્રવાસે ભારતના મુખ્ય ચૂંટણી કમિશનરે અગાઉ અડાલજની વાવ અને સાબરમતી આશ્રમની મુલાકાત લીધી હતી.

# CIVIL AVIATION

કેન્દ્રીય નાગરિક ઉડ્ડયન મંત્રી કે રામ મોહન નાયડુએ કહ્યું કે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં ભારતના ઉડ્ડયન ક્ષેત્રમાં સંપૂર્ણ પરિવર્તન આવ્યું છે. નવી દિલ્હીમાં વૈશ્વિક એરોસ્પેસ સપ્લાય ચેઇન્સમાં MSME એકીકરણ માટે રાષ્ટ્રીય પહેલ - VORTEX કોન્ફરન્સને સંબોધતા શ્રી નાયડુએ કહ્યું કે જે ક્ષેત્રને એક સમયે વિશિષ્ટ ક્ષેત્ર માનવામાં આવતું હતું, તે હવે તમામ વર્ગના લોકો દ્વારા પસંદ કરાયેલ સમાવિષ્ટ ક્ષેત્ર બની ગયું છે. તેમણે  માહિતી આપી કે ભારતીય એરોસ્પેસ અને સંરક્ષણ બજારો જે 2025 માં 30 અબજ ડોલરનું મૂલ્ય ધરાવતા હતા તે હવે 2035 માં બમણા થઈને 61 અબજ ડોલર થવાનો અંદાજ છે.

# MID BREAK- NEWS- NATIONAL

**આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી YOUTUBE ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ NEWSONAIR.GOV.IN/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.**

(ગોન્ગ મ્યુઝિક)

---------------------------------------------------------------------------

# XI - DELHI BRICS

ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગ આ અઠવાડિયે નવી દિલ્હીમાં BRICS સમિટમાં ભાગ લેવા ભારત આવશે. ચીનના વિદેશ મંત્રાલયે આજે જાહેરાત કરી છે કે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના આમંત્રણ પર રાષ્ટ્રપતિ શી જિનપિંગ આ મહિને 12 થી 13 દરમિયાન યોજાનાર 18મા બ્રિક્સ સમિટમાં ભાગ લેશે. અસ્થિર વૈશ્વિક પરિસ્થિતિ, પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા સંઘર્ષ અને રશિયા-યુક્રેન યુદ્ધ વચ્ચે બ્રિક્સ સહયોગ માટે આ મુલાકાત હાઇ-પ્રોફાઇલ રાજદ્વારી જોડાણ હોવાની અપેક્ષા છે. અંદાજે સાત વર્ષમાં શીની આ પ્રથમ ભારત મુલાકાત હશે.

# DELHI POLICE – BRICS

નવી દિલ્હીના ભારત મંડપમ ખાતે આ મહિનાની 12 અને 13 તારીખે યોજાનાર બ્રિક્સ શિખર સંમેલન 2026ને ધ્યાનમાં રાખીને દિલ્હી પોલીસે વિસ્તૃત વ્યવસ્થા કરી છે. સુરક્ષા વ્યવસ્થાની વિગતો આપતાં, વિશેષ પોલીસ કમિશનર મનીષ કુમાર અગ્રવાલે જણાવ્યું હતું કે મુલાકાતી મહાનુભાવો માટે મહત્તમ સુરક્ષા સુનિશ્ચિત કરવા અને જનતાને ઓછામાં ઓછી અસુવિધા થાય તે માટે વ્યવસ્થાનું આયોજન કરવામાં આવ્યું છે. તેમણે ઉમેર્યું હતું કે ગૃહ મંત્રાલય અને ગુપ્તચર બ્યુરો અને રાષ્ટ્રીય સુરક્ષા ગાર્ડ સહિત વિવિધ કેન્દ્રીય એજન્સીઓ સાથે સંકલનમાં સુરક્ષા તૈનાત કરવામાં આવી છે.

## (BYTE- DELHI-POLICE-ON-BRICS)

*(आप लोगों को जानकर यह हर्ष होगा कि कम से कम 16 जो हैं हेड ऑफ द स्टेट या फिर इंटरनेशनल ऑर्गेनाइजेशन के हेड इसके अंदर पार्टिसिपेट कर रहे हैं। इसके लिए दिल्ली पुलिस ने बहुत व्यापक अरेंजमेंट्स किए हैं। इन अरेंजमेंट्स को ड्रॉ करने के लिए दिल्ली पुलिस ने मल्टी-एजेंसी कोऑर्डिनेशन किया है, ट्रैफिक मैनेजमेंट का पूरा ध्यान रखा गया है। हमने सिक्योरिटी से लेके, ट्रैफिक से लेके, लॉ एंड ऑर्डर संबंधी काफी डिटेल में जो हैं डिप्लॉयमेंट्स किए हैं और हमारा मकसद यही है कि हम एक सेफ, सिक्योर और सीमलेस जो है इवेंट ऑर्गनाइज कराएं।)*

# IMD WEATHER

ભારતીય હવામાન વિભાગે આજે ઓડિશામાં ભારેથી અતિ ભારે વરસાદ સાથે રેડ એલર્ટ જાહેર કર્યું છે. હવામાન વિભાગે આગામી ત્રણથી ચાર દિવસ સુધી આસામ, મેઘાલય, નાગાલેન્ડ, મણિપુર, મિઝોરમ, ત્રિપુરા, ગંગા પશ્ચિમ બંગાળ, બિહાર, ઝારખંડ, છત્તીસગઢ, કેરળ, માહે અને ઉત્તરાખંડમાં ભારે વરસાદની આગાહી કરી છે. આ મહિનાની 15 તારીખ સુધી તમિલનાડુ, પુડુચેરી, કરાઈકલ, આંધ્રપ્રદેશ, તેલંગાણા, ઉપ-હિમાલયી પશ્ચિમ બંગાળ અને સિક્કિમમાં પણ વીજળી અને તેજ પવન સાથે વાવાઝોડાની શક્યતા છે.

# NEPAL FLOOD

નેપાળમાં, અચાનક પૂરથી મૃત્યુ પામેલા લોકોની સંખ્યા વધીને એક હજાર 377 થઈ ગઈ છે, જ્યારે 5 હજારથી વધુ લોકો ગુમ છે, એમ અધિકારીઓએ જણાવ્યું હતું. રાષ્ટ્રીય આપત્તિ જોખમ ઘટાડો અને વ્યવસ્થાપન સત્તામંડળે જણાવ્યું હતું કે સૌથી વધુ મૃત્યુ ચિત્વનમાં નોંધાયા છે, જેમાં 364 લોકો મૃત્યુ પામ્યા છે, ત્યારબાદ નવલપરાસી પૂર્વમાં 228 અને નવલપરાસી પશ્ચિમમાં 222 લોકો મૃત્યુ પામ્યા છે. અસરગ્રસ્ત વિસ્તારોમાંથી 13 હજાર 600 થી વધુ લોકોને બચાવી લેવાયા છે.

દરમિયાન, ભારતે વિનાશક પૂરને પગલે નેપાળને તેની માનવતાવાદી સહાયતા વધારી દીધી છે, 130 ટનથી વધુ રાહત સામગ્રી પહોંચાડી છે અને શોધ, બચાવ અને ફોરેન્સિક કામગીરીમાં મદદ કરવા માટે 54 નિષ્ણાત કર્મચારીઓને તૈનાત કર્યા છે. નેપાળમાં ભારતીય દૂતાવાસે જણાવ્યું હતું કે 35 ટન રાહત અને બચાવ પુરવઠો લઈને આઠમું ભારતીય વાયુસેનાનું વિમાન કાઠમંડુમાં ઉતર્યું છે.

# CHINA-FIRE

ચીનમાં, પૂર્વીય બંદર શહેર કિંગદાઓમાં આજે સમારકામ હેઠળ રહેલા વિદેશી ધ્વજવાળા કાર્ગો જહાજમાં આગ લાગવાથી વીસ લોકોના મોત થયા છે. રાજ્ય પ્રસારણકર્તા સીસીટીવીએ અહેવાલ આપ્યો છે કે રાજ્ય માલિકીના કિંગદાઓ બેહાઈ શિપયાર્ડમાં સવારે લગભગ  સવા  અગિયાર વાગે આગ લાગી હતી. રાષ્ટ્રપતિ શી જિનપિંગે શોધ અને બચાવ પ્રયાસો વધારવાના આદેશો આપ્યા છે. તેમણે આગના કારણની ઝડપી તપાસ માટે પણ હાકલ કરી છે. જહાજ લાઇબેરિયા-ધ્વજવાળા બલ્ક કેરિયર ઓશન મેલોડી છે. કિંગદાઓ બેહાઈ એ ચાઇના સ્ટેટ શિપબિલ્ડીંગ કોર્પોરેશન દ્વારા સંચાલિત એક મુખ્ય શિપયાર્ડ છે.

# WOMEN'S ASIA CUP SEMI

ક્રિકેટમાં, મહિલા એશિયા કપની સેમિફાઇનલ મેચમાં આજે ભારત અને બાંગ્લાદેશ વચ્ચે મેચ રમાશે. બાંગ્લાદેશે ટૉસ જીતીને બોલિંગ પસંદ કરી છે. મેચ થોડીવારમાં શરૂ થશે.

આજે ભારત ટુર્નામેન્ટમાં પોતાનો દબદબો જાળવી રાખવાનો પ્રયાસ કરશે. અગાઉ હરમનપ્રીત કૌરના નેતૃત્વ હેઠળની ભારતીય ટીમે ત્રણેય ગ્રુપ મેચ જીતીને થાઇલેન્ડ, હોંગકોંગ અને પાકિસ્તાનને હરાવ્યું હતું. બાંગ્લાદેશ ગ્રુપ Bમાં શ્રીલંકા પછી બીજા સ્થાને રહ્યું.